# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૫/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન, ગુજરાત સરકારના અધિકારીઓ ચેમ્બર સ્થિત એનઆરજી સેન્ટરની મુલાકાતે

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન, ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત તેમજ ચેમ્બર દ્વારા સંચાલિત એનઆરજી સેન્ટરની તા. ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન, ગુજરાત સરકારના ડાયરેકટર તેમજ એડીશનલ કલેકટર શ્રી પી.વી. અંતાણી અને નોન રેસીડેન્ટ ઇન્ડીયન, ગુજરાત સરકારના એડીશનલ સેક્રેટરી શ્રી એન.પી. લવીન્ગીયાએ મુલાકાત લીધી હતી.

રાજય સરકારના બંને અધિકારીઓએ ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા તથા એનઆરજી સેન્ટર, સુરતના ચેરમેન શ્રી રમેશ વઘાસીયા અને કો–ચેરમેન શ્રી નિલેશ ગજેરા સાથે બેઠક કરી રાજય તેમજ દેશની બહાર વસવાટ કરતા ગુજરાતીઓ સુધી ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ પહોંચાડવા માટે તેમજ તેઓ આ યોજનાનો લાભ લઇ શકે તે માટે પ્રયાસ કરવા વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

શ્રી પી.વી. અંતાણીએ મિટીગમાં જણાવ્યુ હતુ કે, નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીના ચાર મહિનાના સમયગાળા દરમિયાન રાજય તેમજ દેશની બહાર વસવાટ કરતા ગુજરાતીઓ માદરે વતન આવતા હોય છે. બારડોલીના એના ગામ તેમજ આજુબાજુના ગામોમાં એનઆરજીઓ મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. તેમણે એનઆરજીઓનો ડેટાબેઝ એકત્રિત કરવા માટે એનઆરજી સેન્ટરને સૂચન કર્યુ હતુ. જેથી કરીને એનઆરજી ફાઉન્ડેશન, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની માહિતી તેમના સુધી પહોંચાડી શકાય.

ચેમ્બર દ્વારા આગામી તા. ૨૪ થી ૨૭ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ઉદ્યોગ એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યુ છે. નોન રેસીડેન્ટ ગુજરાતી ઉદ્યોગપતિઓને બિઝનેસ ડેવલપમેન્ટ માટે ઉદ્યોગમાં આમંત્રિત કરી શકાય અને તેઓની સાથે વિચાર વિમર્શ કરી શકાય તે માટે પ્રયાસ કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. એનઆરજી સિનિયર સિટીજન તેમજ તેઓની સંતાનો માટે બારડોલીના એના ગામ ખાતે સ્નેહમિલન સમારોહ યોજવા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

અમેરિકા ખાતે વસવાટ કરતા ડો. કિરણ પટેલ તેમજ યુકેમાં ગૃહમંત્રી તરીકેની જવાબદારી નિભાવતા શ્રીમતી પ્રિતીબેન પટેલ સહિતના એનઆરજી મહાનુભાવોને ચેમ્બર ખાતે એનઆરજી સેન્ટરની મુલાકાત માટે તેમજ સુરતના ઉદ્યોગપતિઓ સાથે ઇન્ટરેકશન મિટીંગ માટે આમંત્રિત કરવામાં આવશે.

એનઆરજીઓ માટે ગુજરાત સરકારની 'ગુજરાત દર્શન' યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર ૨૫ એનઆરજી સિનિયર સિટીજનોને રાજયના પર્યટન સ્થળોની મુલાકાતે લઇ જાય છે. અઠવાડીયા સુધીના કાર્યક્રમ દરમિયાન તેઓની રહેવા, જમવા અને ફરવાની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવે છે. રાજય સરકાર યોજના હેઠળ દરેક સિનિયર સિટીજન પાછળ રૂપિયા ૧૦ હજાર સુધીનો ખર્ચ કરે છે.

આ ઉપરાંત મુળ વતનમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરનારા એનઆરજીઓને સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેઓની કોઇપણ પ્રકારની સમસ્યાના નિરાકરણ માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. સાથે જ એનઆરજી સેન્ટર સાથે જોડાયેલા એનઆરજીઓને મેડીકલની સુવિધા તેમજ વિવિધ વેન્ડર્સ પાસેથી સ્પેશિયલ ડિસ્કાઉન્ટ પણ મળે છે.